# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૦૯/૦૫/૨૦૨૫ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**

**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-** **સમાચાર યાદી નં.૬૧૬/૨૦૨૫**

વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૪૬/૨૦૧૧ ઈપીકો કલમ ૩૭૬(એ), ૪૯૮(એ), ૩૨૪, ૩૨૩ ૫૦૬(૨), ૫૦૪ મુજબ તથા સેશન્સ કેસ નં.૦૬/૨૦૨૫ મુજબ ગુનાના કામે આરોપી શિવસિંહ ઉર્ફે બબલુ સ/ઓ ઉદયવિરસિંહ પરીહાર (ઉ.વ.૩૫)(રહે.૧૪૩, સ્વપ્ન સંકેત સોસાયટી, દેરીયાપરા, વટવા, અમદાવાદ શહેર, મુળ વતન. ગામ-એક્તા કોલોની બાયપાસ જી.ઇટાવા ઉત્તરપ્રદેશ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા-ફરતા હોય નામદાર જજ શ્રી ડી.એ.વોરા સાહેબ, સેશન્સ જજ કોર્ટ નંબર-૪, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૧૫/૦૫/૨૦૨૫ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૧૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૧૮ લીટર દેશી દારૂ, ૩૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૮૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૧૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અતકાયત તેમજ પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૬૧૯/૨૦૨૫**

**ક્રાઇમબ્રાંચઃ** હીનાબહેન વા/ઓ ભાવેશકુમાર સંઘવી (ઉ.વ.૫૫)(રહે.દીપ એપાટમેન્ટ, શાંતિ ટાવરની બાજુમાં વાસણા) એ તા.૦૮/૦૫/૨૦૨૫ ના રોજ ક્રાઇમબ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે મે/૨૦૨૩ થી તા.૧૮/૦૪/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી નદીમ ઇકબાલ ચોહાણ (રહે.મુંબઇ) એ હીનાબહેન સંઘવીને દુબઇના વિઝા તેમજ દુબઇ ખાતે નોકરી અપાવવાની લાલચ આપી હીનાબહેન સંઘવી તેમજ અન્ય સાહેદોને બનાવટી જોબ લેટર આપી તમામ પાસેથી મળી કુલ રૂપિયા ૪૦,૦૦,૦૦૦/- મેળવી લઇ વિઝા તેમજ નોકરી નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એચ.જોષી ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૬૨૦/૨૦૨૫**

**મણીનગરઃ** અનિલભાઇ ઘનશ્યામલાલ ભાવસાર (ઉ.વ.૬૦)(રહે.ઘનશ્યામ ભુવન બંગલો, પંચવટી સોસાયટી, સ્વામિનારાયણ મંદિર સામે સ્વામિનારાયણ ટાવરના ખાંચામાં મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૫/૨૦૨૫ સાંજના ૭/૩૦ થી તા.૦૮/૦૫/૨૦૨૫ સવારના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાના દાગીના તેમજ ચાંદીની વસ્તુઓ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૧૧,૫૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.પરમાર ચલાવે છે.

**બીજા માળથી પડી જતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૬૨૧/૨૦૨૫**

**ઓઢવઃ** સવજીભાઈ ચીમનભાઈ પટણી (ઉ.વ.૬૦)(રહે. ઇન્દિરા આવાસ યોજના નવા સાત માળીયા ઓઢવ) તા.૦૮/૦૫/૨૫ ના કલાક ૦૦/૦૦ થી સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ કિંગ સ્ટોન સાઈટ ખાતે બીજા માળથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે ઓઢવ પોલીસે અક્સ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મનોજભાઇ ભીખાભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૬૨૨/૨૦૨૫**

**અમરાઈવાડીઃ** વિનોદભાઇ જેઠાભાઇ ચૌહાણ (ઉ.વ.૪૦)(રહે.ચામુંડાનગર સ્વસ્તિક ચાર રસ્તા પાસે, અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૫/૨૦૨૫ સાંજના ૭/૦૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અક્સ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

**નિકોલઃ** પ્રશાંત રજનીકાંત પરમાર (ઉ.વ.૩૨)(રહે.બહાર ગાયત્રી પેલેસ, ૮૦ ફૂટ રોડ ઉત્તમનગર નિકોલ)એ અગમ્ય કારણસર તા.૦૭/૦૫/૨૦૨૫ બપોરના ૩/૦૦ થી તા.૦૮/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અક્સ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ જગતસિંહ ચલાવે છે.

**ઓઢવઃ** અંકિતકુમાર પપ્પુ ચૌરસિયા (ઉ.વ.૨૧)(રહે.હરીગંગા સોસાયટી, કેનાલ ઉપર, સીએમસી ત્રણ રસ્તા પાસે, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૫/૨૦૨૫ બપોરના ૪/૦૦ થી રાતના ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતની પાઇપ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અક્સ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મનોજભાઇ ભીખાભાઇ ચલાવે છે.

**રામોલઃ** શર્મિલા વા/ઓ સુનિલકુમાર કુશવાહ (ઉ.વ.૨૭)(રહે.હરિધામ સોસાયાટી સિલ્વર સીટી પાસે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૫/૨૦૨૫ સાંજના ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અક્સ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.મકવાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી